સત્યમેવ જયતે

# જિલ્લા રમતગમત અધિકારીની કચેરી, બનાસકાંઠા

S-૨૧/૨જો માળ, જિલ્લા સેવા સદન-૨, જોરાવર પેલેસ કમ્પાઉન્ડ, પાલનપુર

E-Mail : dsobanaskantha06@gmail.com ફોન નં.૦૨૭૪૨-૨૫૩૮૩૦

ક્રમાંક : જિરગઅ/ખેમકું-૧૯/ ૨૫૭૨ /૨૦૧૯-૨૦

તારીખ ૦૯/૧૨/૨૦૧૯

1. પ્રિન્સીપાલશ્રી, કોલેજો તમામ, જિલ્લો બનાસકાંઠા,
2. આચાર્યશ્રી, માધ્ય,.ઉ.મા.શાળાઓ તમામ, જિલ્લો બનાસકાંઠા,
3. આચાર્યશ્રી, પ્રાથમિક શાળાઓ, તમામ, જિલ્લો બનાસકાંઠા
4. બી.આર.સી.કો-ઓર્ડીનેટરશ્રી, તમામ તાલુકા જિલ્લો બનાસકાંઠા
5. કન્વીનરશ્રી, ખેલ મહાકુંભ-૨૦૧૯ રમત સ્પર્ધા જિલ્લો બનાસકાંઠા

**વિષય :** **ખેલ મહાકુંભ-૨૦૧૯ જિલ્લા કક્ષાએ વિજેતા થયેલ ખેલાડીઓને પ્રમાણપત્ર વિતરણ કાર્યક્રમમાં ખેલાડીઓને હાજર રાખવા બાબત.**

**સંદર્ભ :** **ગુજરાત સરકાર, રમત ગમત યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓ વિભાગ પરિપત્ર ક્રમાંક : એસ.એ.જી./૧૦૨૦૧૯/૨૩૩૨/બ, સચિવાલય ગાંધીનગર**

શ્રીમાન,

ઉપરોક્ત વિષય અનુસંધાને જણાવવાનું કે, ગુજરાત સરકારના રમત ગમત યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓ વિભાગ અંતર્ગત સ્પોટ્ર્સ ઓથોરીટી ઓફ ગુજરાત ગાંધીનગર દ્વારા પ્રતિ વર્ષની જેમ ચાલુ વર્ષે પણ ખેલ મહાકુંભ-૨૦૧૯ નું આયોજન કરવામાં આવેલ હતું. ખેલ મહાકુંભનો હેતુ સ્પર્ધાના માધ્યમથી રમત ગમતનું વાતાવરણ ઉભું થાય, રમતના ખેલાડીઓ રમત ગમત ક્ષેત્રમાં આગળ આવી શાળા,ગ્રામ્ય,તાલુકા, જીલ્લા અને રાજ્યને ગૌરવ અપાવવાની દિશામાં પ્રગતિ કરે તેમજ શારિરીક સ્વાસ્થ્યને તંદુરસ્ત રાખવાનો ઉમદા આશય છે.

ખેલ મહાકુંભ-૨૦૧૯ માં બનાસકાંઠા જીલ્લામાં જિલ્લાકક્ષાની વિવિધ બાવીસ રમતમાં વિજેતા થનાર પ્રથમ, દ્વિતીય,તૃતીય નંબરના ખેલાડીઓને પ્રમાણપત્ર આપવાના થાય છે. જીલ્લા કક્ષાનો ખેલ મહાકુંભ-૨૦૧૯ નો પ્રમાણપત્ર વિતરણ કાર્યક્રમ તા.૧૪-૧૨-૨૦૧૯ ના રોજ સવારે ૮-૦૦ કલાકે કાનુભાઇ મહેતા હોલ,પાલનપુર ખાતે યોજાનાર છે. જેમાં ખેલ મહાકુંભ-૨૦૧૯ ની જીલ્લા કક્ષાની રમતમાં પ્રથમ, દ્વિતીય અને તૃતીય ક્રમે વિજેતા થયેલ ખેલાડીઓએ હાજર રહેવાનું રહેશે. જ્યાં ખેલાડીઓને પ્રમાણપત્ર કાર્યક્રમ સ્થળે મહાનુભાવોને હસ્તે વિતરણ કરવામાં આવનાર છે. જેથી આપની શાળા/કોલેજ ના પ્રથમ, દ્વિતીય અને તૃતીય ક્રમે વિજેતા થયેલ ખેલાડીઓ સાથે વ્યાયામ શિક્ષક/જવાબદાર શિક્ષકશ્રીએ કાર્યક્રમ સ્થળે સવારે ૮-૦૦ કલાકે હાજર રહી રીપોર્ટીંગ કરવા આથી જણાવવામાં આવે છે.

**કાર્યક્રમનું સ્થળ : કાનુભાઇ મહેતા હોલ, વિદ્યામંદિર સંકુલ,પાલનપુર**

**તારીખ : તા.૧૪-૧૨-૨૦૧૯, શનિવાર સવારે ૮-૦૦ કલાકે.**

| | | |
|---|---|---|
| જિલ્લા રમત ગમત અધિકારી<br>બનાસકાંઠા | જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી<br>બનાસકાંઠા | જિલ્લા શિક્ષણાધિકારી<br>બનાસકાંઠા |

**નકલ સવિનય રવાના :**

માન.કલેકટરશ્રી, બનાસકાંઠા



Scanned by CamScanner